અપીલ અરજી નં.૧૮૧ તા.૯–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૩–૮–૦૯ ની અરજીથી સુ.મ.પા. પાસે માહિતી અધિકાર –૨૦૦૫ ના કાયદા મુજબ જાહેર માહિતી અધિકારી પાસે જે માહિતી આઈ.ડી નં.૩૫૮ થી માંગવામાં આવેલ અને એ માહિતી આપવામાં આવેલ તે માહિતીના જવાબના કાગળ પર "ફકત માહિતીના ઉપયોગમાં લેવું" એવો સિકકો મારીને આપવામાં આવેલ છે તે બાબતે રાજય માહિતી આયોગ તરફથી સુ.મ.પા. ને આ સિકકો મારવાની સુચના આપવામાં આવેલ છે કે નહિં. અને જો સિકકો મારવાની સુચના આપવામાં આવેલ હોય તો તે પરિપત્રની નકલ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૯–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૧/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૩–૮–૦૯ ની અરજીથી સુ.મ.પા. પાસે માહિતી અધિકાર –૨૦૦૫ ના કાયદા મુજબ જાહેર માહિતી અધિકારી પાસે જે માહિતી આઈ.ડી નં.૩૫૮ થી માંગવામાં આવેલ અને એ માહિતી આપવામાં આવેલ તે માહિતીના જવાબના કાગળ પર "ફકત માહિતીના ઉપયોગમાં લેવું" એવો સિકકો મારીને આપવામાં આવેલ છે તે બાબતે રાજય માહિતી આયોગ તરફથી સુ.મ.પા. ને આ સિકકો મારવાની સુચના આપવામાં આવેલ છે કે નહિં. અને જો સિકકો મારવાની સુચના આપવામાં આવેલ હોય તો તે પરિપત્રની નકલ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આ.૭૪૩ તા.૪–૯–૦૯થી આપેલ માહિતી ખોટી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૯ તા.૧ ૬–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૮૪ તા.૧–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નોં ધ વિભાગ તથા અરજદારને પાઠવેલ માહિતી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૪૩ તા.૪–૯–૦૯ ના પત્રની નકલ પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૫૪૧ તા.૧૩–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આટીઆઈ/આ.નં.૭૪૩ તા.૪–૯–૦૯ થી " રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ ૨૦૦૫ હેઠળ આપવામાં આવતી માહિતીના કાગળો ***ઉપર" માહિતી અધિકાર અધિનિયમ અન્વયે ફકત માહિતી તરીકે જ ઉપયોગમાં લેવા માટે"*** એવો સિકકો મારીને પ્ર ત્યુત્તર/નકલો પાઠવવામાં આવે છે તે બાબતે રાજય માહિતી આયોગ તરફથી કોઈ સુચના આપવામાં આવેલ નથી. આપેલ માહિતીનો દુરઉપયોગ ન થાય તે તકેદારીરૂપે સદર સિકકો મારવામાં આવે છે. " એવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૯–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી અપીલ મુદ્દા નં.૧ મે જે માહિતી માંગેલ અને મને જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી તેમજ સંતોષકારક નથી તેવું જણાવેલ. પરંતુ તેના દાવાના સમર્થનમાં કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. તથા અપીલ મુદ્દા નં.૨ માહિતી અધિકારીએ માહિતીનો દુર ઉપયોગન થાય તેની તકેદારી માટે સદર સિકકા મારવામાં આવે છે તેવું જણાવે છે પરંતુ સુરત મહાનગરપાલિકા અથવા કોઈ સંસ્થા ખોટું કામ થતું હોય તેની જાણકારી સાચી મેળવવા માટે ભારત સરકાર તરફથી માહિતી અધિકાર ૨૦૦૫નો કાયદો અમલમાં આવ્યો છે અને સાચી માહિતી આપવાની છે. અપીલ મુદ્દા નં.૩ માહિતી અધિકાર ૨૦૦૫ મુજબ જે માહિતી મળે તેનો ઉપયોગ કાયદાકીય રીતે કરી શકાય છે. અપીલ મુદ્દા નં.૪ રાજય માહિતી આયોગ તરફથી જયારે ફકત માહિતીનો ઉપયોગમાં લેવું તેવો સિકકો મારવાની પરવાનગી ન હોય તો શા માટે સિકકા મારવામાં આવે છે અને જો સિકકો સુરત મહાનગરપાલિકાના માહિતી અધિકારીને માહિતીના જવાબો પર મારવો જ હોય તો રાજય માહિતી આયોગની પરવાનગીની નકલ જરૂરથી ફાળવવી જોઈએ જે ફાળવવામાં આવેલ નથી શા માટે? અપીલ મુદ્દા નં.૫ સુરત મહાનગરપાલિકા પાસે માહિતી જયારે માંગવામાં આવે છે અને જે માહિતીનો જવાબ આપવામાં આવે છે જે સિકકો મારવાની પરવાનગી નથી આપી એટલે હવે પછી કોઈ પણ વ્યકિત માહિતી માંગે અને એ માહિતીના જવાબ પર સિકકો મારવો નહીં અન્યથા રાજય માહિતી આયોગને ફરીયાદ કરવાની જરૂર પડશે. આમ અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો સૂચનો સ્વરૂપે ઉપસ્થિત કરવામાં આવેલ છે. અરજદારને મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૫૪૧ તા.૧૩–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર કાયદાના અમલીકરણ અંગેના સુચનો સક્ષમ સત્તાને અલાયદા પત્રથી મોકલી આપવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન), ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,